# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી. નં. A/3352, અમદાવાદ



## શ્રી મહાલક્ષ્મી મંદિર, શહેરા.

॥ શ્રી હરિઃ ॥

# ઉમરેઠમાં દિવ્ય કથા મહોત્સવ



ઉમરેઠમાં જ્ઞાતિના ગૌરવરૂપ આંતરરાષ્ટ્રીય કથાકાર ગૌલોકવાસી શાસ્ત્રીજી રમણલાલ જ્યેષ્ઠારામ પરિવાર દ્વારા ગૌ. વા. કમળાબેન હરિપ્રસાદ શાસ્ત્રી (શુક્લ અનોપરમ સાદશિવ-માધવાસવાળાની સુપુત્રી)ને ભાવાંજલિ અર્થે સેવા પારાયણ પ.ભ.ગૌ.વા. શાસ્ત્રી હેમલતાબેન મધુસુદન (દવે મૂળશંકર ડાહ્યાભાઈ - આંકલાવવાળાની સુપુત્રી)ના શુભ મનોરથ રૂપે વે.શા.સં.પૂ. શ્રી હેમાંગભાઈ શાસ્ત્રીજી ના વ્યાસપદે શ્રીમદ્ ભાવગત કથાનું ભવ્ય આયોજન થયું હતું.

કથા દરમિયાન સંતરામ મંદિરના પ.પૂ. શ્રી ગણેશદાસજી મહારાજશ્રી, પૂ. શ્રી ગુરૂશરણદાસજી મહારાજશ્રી, પૂ. શ્રી મોરારિદાસજી મહારાજશ્રી, પૂ. શ્રી માધવદાસજી મહારાજશ્રી આચાર્ય શ્રી ભાર્ગવભાઈ શુક્લ, ઘનપાઠી શ્રી ઘનશ્યામભાઈ શાસ્ત્રીજી તથા અન્ય સાધુ-સંતો, કથાકારોનાં વચનામૃતો અને દર્શનનો અને શ્રીકૃષ્ણ જન્મોત્સવ, શ્રીમાલા પહેરામણીના પ્રસંગોએ કીર્તનસામાજ, ભજન મંડળનો લાભ પણ શ્રોતાઓએ માણ્યો હતો.

આ સમગ્ર આયોજનમાં શ્રી મધુસુદનભાઈ શાસ્ત્રીજીનાં સંતાનો શ્રી ધર્મેશભાઈ, ડૉ. શ્રી ભદ્રેશભાઈ, અ.સૌ. ઉર્મિલાબેન સહિત અ.સૌ. દીપાવલીબેન, અ.સૌ. સેજલબેન, શ્રી સમીરભાઈ પુરાણી, શ્રી રાકેશભાઈ સહિત પરિવારના સભ્યોએ દરેક કાર્યમાં ઉત્તમ વ્યવસ્થા કરી હતી તથા ઉમરેઠ શ્રીગૌડ સમાજના જ્ઞાતિબંધુઓએ પણ સંપૂર્ણ સહકાર આપ્યો હતો.

આ ઐતિહાસિક અલૌકિક યાદગાર પ્રસંગમાં સનાતનધર્મી ઉપરાંત મુસ્લિમ, ખ્રિસ્તી, વૉરા, જૈન વગેરે સમાજના બંધુઓએ પણ કથામૃત શ્રવણનો લાભ લીધો હતો.

श्री महालक्ष्म्यै नमः    उतिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत    श्री महालक्ष्मी प्रसन्नोस्तु

"જાગો, ઊઠો, વિરમો નહિ, સાધો આશય ના જ્યાં સુધી"

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.** રજી. નં. A/3352, Ahmedabad

# શ્રીગૌડ જાગૃતિ

## મુખપત્ર



પ્રકાશક અને પ્રમુખ : શ્રી કમલેશ એસ. પાઠક, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

ઓક્ટોબર, નવેમ્બર, ડિસેમ્બર ૨૦૧૯ | www.sssgujarat.org

**મંત્રીઓ**

**શ્રી જયંત જોષી**
મો. ૯૬૦૧૯ ૯૫૫૬૭

**શ્રી યોગેશ શુક્લ**
મો. ૯૮૨૪૦ ૫૮૭૯૯

**ખજાનચી**

**શ્રી પ્રવિણ પુરોહિત**
મો. ૯૮૨૪૩ ૫૮૨૯૭

**તંત્રી**

**મિનલ શુક્લ**
મો. ૯૫૩૭૯ ૩૫૬૬૫

**સંપાદક**

**શ્રી રાજેશ પંડ્યા**
મો. ૯૯૯૮૭ ૧૬૫૭૭

**તંત્રી મંડળ**

**પ્રિ. ડૉ. બંસીધર ઉપાધ્યાય**
મો. ૯૮૨૪૪ ૦૬૩૮૧

**શ્રી જીજ્ઞેશ પંડિત**
મો. ૯૦૯૯૦ ૨૯૦૭૯

**શ્રી વિપુલ વી. દવે**
મો. ૯૪૨૬૦ ૪૭૨૪૮

**શ્રી નિરવ પી. દવે**
મો. ૯૯૨૫૧ ૦૩૧૧૪

### તંત્રી સ્થાનેથી...

પૂજ્ય વડીલો, આદરણીય મિત્રો, સખીઓ અને ઊર્જાસભર સાથીઓ...

**'સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત'** ના વાર્ષિક મેળાવડાનો કાર્યક્રમ તા. ૧૦-૧૧-૨૦૧૯ ના રોજ, સમુત્કર્ષ સંસ્થાના પ્રાંગણમાં ખૂબ જ ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે ઉપસ્થિત મુખ્ય મહેમાન શ્રી મિહિરભાઈ પંડ્યા જેવા સંનિષ્ઠ દાતાશ્રીના સહયોગ અને પ. પૂ. શ્રી ગણેશદાસજી મહારાજના આશીર્વચન મેળવી સમાજ ધન્ય બન્યો છે. સમાજના વિવિધ ક્ષેત્રોમાં પોતાના જ્ઞાન અને સદ્કાર્ય થકી સુવાસ ફેલાવી નામના મેળવનાર ગૌરવશાળી શ્રીબંધુઓ અને ભગીનીઓનું સન્માન પ્રેરક બન્યું. આ ઉપરાંત શૈક્ષણિક ક્ષેત્રે શાળા, કોલેજ તેમજ ઉચ્ચ ડિગ્રીમાં મહેનત થકી ઉચ્ચતમ પરિણામ લાવનાર જ્ઞાતિજનોનું પણ સન્માન કરવામાં આવ્યું. વિશેષમાં આ કાર્યક્રમમાં પોતાની કલા દ્વારા મનોરંજન સભર નૃત્ય તેમજ નાટક પ્રસ્તુત કરનાર કલાકારોનો વિશેષ આભાર માનવો જ રહ્યો.

આ 'અભિનંદન કાર્યક્રમ' માં પ્રમુખશ્રી કમલેશભાઈ પાઠક દ્વારા સમાજના હિતમાં એકતા અને સહભાગીતાનું આહ્વાન આપવામાં આવ્યું. ઉપરાંત દરેક જ્ઞાતિજનોના લાભાર્થે 'સામાજિક સુરક્ષા યોજના' ની જાહેરાત કરવામાં આવી. આ યોજનાનો સતત પ્રચાર-પ્રસાર થાય અને દરેક જ્ઞાતિજન લાભ લે તે જરૂરી છે. સમાજ હિતની પ્રવૃત્તિઓ દરેકના યોગદાન વગર શક્ય જ નથી. સકારાત્મક વિચારોને કાર્યાન્વિત કરવાની દરેકની નૈતિક ફરજ છે.

હવે તા. ૦૪-૦૨-૨૦૨૦ ના રોજ શ્રી મહાલક્ષ્મી ધામ શહેરા ખાતે સમૂહ જનોઈનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની વિગત આ અંકમાં આપવામાં આવી છે. મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ આ કાર્યક્રમમાં જોડાઈ પ્રસંગને યાદગાર રીતે સફળ બનાવે તેવી નમ્ર અપીલ.

યુગોથી અન્ય દરેક જ્ઞાતિઓના સત્કાર્યોમાં 'બ્રાહ્મણ' અનિવાર્ય હોય છે. એવું ઉચ્ચતમ સ્થાન અને જન્મારો મેળવનાર આપણે સૌએ સંગઠિત થઈ 'સમાજભવન' ઊભું કરવાના ભગીરથ કાર્ય માટે પ્રયત્નશીલ થવું જ પડશે.

હંમેશાની જેમ આપ સૌના સાથ, સહકાર અને સહયોગ માટે હૃદયપૂર્વક આભાર...

**- મિનલ શુક્લ**

apro/Ug/2019/11/07/pp

# વિજય રૂપાણી

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તા. ૦૭-૧૧-૨૦૧૯

## સંદેશ

સશક્ત રાષ્ટ્રનો મજબૂત પાયો એક સશક્ત અને સંગઠિત સમાજ છે. જેમ લાકડીના સમગ્ર ભારાને તોડી શકાતો નથી, તેમ સંગઠિત સમાજને પણ કોઈ મુશ્કેલી નડતી નથી. પરિવારજનો બાદ, સમાજના સગાં-સ્નેહીઓ જ સંકટ સમયના સાથી બની રહે છે.

**સમસ્ત શ્રીગૌડ સમાજ દ્વારા તા. ૧૦-૧૧-૨૦૧૯ના રોજ સાંસ્કૃતિક સમારંભનું** આયોજન આવકારદાયક છે. તેજસ્વી વિદ્યાર્થીઓ તથા ગૌરવશાળી વ્યક્તિઓનું સન્માન, સમાજની ઉન્નતિમાં લોકભાગીદારીતા માટે પ્રેરકબળ બની રહે તેવી શુભકામના તથા સમાજની વેબસાઈટના લોન્ચિંગ બદલ અભિનંદન. સમાજની સાથે રાજ્ય અને રાષ્ટ્રની ઉન્નતિમાં પણ યોગદાન આપતા રહો તેવી અભિલાષા.

આપનો,

(વિજય રૂપાણી)

To,
**Shri Kamleshbhai Pathak,** President,
Samast Shreegaud Samaj Gujarat,
8-A New Udaypark Society, B/h, Sanjeevani Hospital,
Nr. Vastrapur Lake, Vastrapur, Ahmedabad-380015.
Email:shreegaudjagruti2019@gmail.com

# Jalsujal Minerals and Vitamins Composition Powder and Liquid

## [PreMix Mineral ions and Vitamins Additives]

## Are you sufferring with following health problems ?

*Your drinking water is not relishing?*
*You have a health and fitness problems, troubles of acidity, gastric trouble, indigestion and constipation, not sour about the development of your unborn baby, children are weak & unhealthy, no enough memory power and weak in study, blood pressures ups n down frequently & have a problem of bones density mood less n fill unhealthy, have vitamin B-12 deficiency.*
*Young and middle age ladies have lot of muscular pain in loin, foot & joints. During menses lot of pain & fill bone density trouble, lots of calcium gets leached out, not getting encouragement for household and/or office work. Lot of creases appeared on the skin of the face and on the body at the early age Look like old age, fill shameful. Cosmetics become useless;*

These above symptoms, indicates that there are some undesirable with your drinking and cooking water. You have to do something at your earliest otherwise you will not live a good and healthy life and / or not die peacefully.

**Now Start to add our...**
**"Jalsujal P-106" Mineral Salt and Vitamins Composition {PreMix Mineral ions & Vitamins Additive} Powder to your RO treated water or**
**"JalsujalP-104" Mineral Salt and Vitamins Composition {PreMix Mineral ions & Vitamins Additive} Powder to purified or tap water.**
**You can utilize our "JalsujalL-110" Mineral Salt and Vitamins Composition {PreMix Mineral ions & Vitamins Additive} Liquid & its cartridge with control system.**
*Dose: 1 gram powder to 10 litter water and 1 ml liquid to 1 litter water.*

**Dose : 1 gram powder to 10 litter water and 1 ml liquid to 1 litter water.**

Your water becomes a health drink, alkaline, Microclustared, relishing, wholesome testier like stream water & coconut flavored, and able to satisfy the thrust.
Give relief from above troubles; don't have any adverse health effects.





- Each one gram powder required to be dissolved in 8-10 litter of water.
- Most suitable for water received from RO or demineralization system.
- Salts used are very pure and not harmful to health.
- Approved by FSSAI GOI and licensed by GOG.
- Not for direct oral use.

**Research & develped by :** Gyan Vigyan Laboratory, Vadodara.
**Manufactured & Marketed by :** Shree Raj Enterprises, Vadodara.
**Contact : M.:** 09428585808 **Email :** jalsujal106@gmail.com **Web :** www.jalsujal.com

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

## સામાજિક સુરક્ષા યોજના

**યોજનાના ઉદ્દેશ :**

- સમસ્ત શ્રીગૌડ જ્ઞાતિબંધુઓને સાથ-સહકાર અને પ્રેમભાવના સૂત્રથી બાંધી સર્વાંગી વિકાસ સાધવો.
- જ્ઞાતિજનોનો પરસ્પર એકબીજાંનો હાથ પકડી મદદરૂપ થઈ સહિયારા આર્થિક ઉત્કર્ષનો પ્રયાસ.
- સમાજના દરેક સભ્યના હિતમાં સર્વાંગી વિકાસ

**યોજનાની દરેક મૂળભૂત ભાવના :**

- શ્રીગૌડ સમાજની વ્યક્તિના મરણ બાદ તેના ઘરે ભાગે આવતી રકમ પહોંચે અને તે પરિવાર પગભર બને.
- સભ્યોને જીવનના વિકટ વળાંકો પર બંધુત્વની ભાવના દ્વારા ગૌરવશાળી રીતે મદદરૂપ બનવા અને સામાજિક સુરક્ષા કવચ આપવા.
- જો મિત્રોને કે અન્ય સંસ્થાને મદદ કરી શકતા હોય તો આપણા જ શ્રીબંધુને પણ આપણાથી શક્ય થાય તે મદદ કરવી જોઈએ.

**યોજના :**

- સભ્યના અવસાન પછી તેના વારસદારને સક્રિય સભ્યદીઠ બંધુત્વના ફાળા દ્વારા આર્થિક સહાય.
- શરૂઆતની ફી ઉંમર પ્રમાણે અલગ અલગ
- બંધુત્વ ફાળાની રકમ જે તે સમયગાળામાં થયેલ અવસાન પર આધારિત

**મુખ્ય મુદ્દા :**

- ઘણી વ્યક્તિ એવું વિચારે કે, હું સક્ષમ છું. મારી પૂરતા પ્રમાણમાં ઈન્સ્યોરન્સ પોલિસી છે તો મારે શું કામ સભ્ય બનવું - પરંતુ સમાજમાં દરેક પરિવારની સ્થિતિ સરખી હોતી નથી. આ પરિસ્થિતિમાં સમાજની સક્ષમ વ્યક્તિઓ નબળા પરિવારો દત્તક લઈને આ સુરક્ષા કવચનો લાભ આપે.
- શ્રીગૌડ જ્ઞાતિબંધુઓને ગૌરવપૂર્ણ રીતે મદદરૂપ બની મુશ્કેલના સમયમાં તેમના પરિવારને સુરક્ષિત કરવા માટેની આ યોજના.
- વીમા યોજના કરતાં ઓછી રકમમાં આજીવન સુરક્ષા કવચ ( ----- ) પૂરૂં પાડતી યોજના.

વધુ વિગતો માટે નીચે જણાવેલ સભ્યશ્રીઓનો સંપર્ક સાધવો.

**જયંત જોષી :** ૯૬૦૧૯૯૫૫૬  **હેતલ શુક્લ :** ૯૭૨૬૨૫૮૩૫૩

**સંપર્ક સૂત્ર :** સમસ્ત શ્રીગૌડ સમાજ કાર્યાલય
સી-૨૧૨, દેવઓરમ, મારૂતિ નંદન કાઠિયાવાડી હોટલની પાછળ,
આનંદનગર ચાર રસ્તા, પ્રહલાદ નગર રોડ, સેટેલાઈટ, અમદાવાદ.

મો. ૭૦૪૬૬ ૭૯૧૯૯ - --------વેબ સાઈટ લખવી----------

# શ્રીગૌડ સાડત્રીસ સમાજ સંચાલિત...
# "શ્રીગૌડ વનિતા વૃંદ" નું ચતુર્થ સંમેલનની એક ઝલક




તા. ૧૦ નવેમ્બર ૨૦૧૯ ને રવિવારના રોજ કાવીઠા મુકામે 'મહાલક્ષ્મી માતાજી' ના મંદિરના હોલમાં વનિતાવૃંદનો 'રંગારંગ' કાર્યક્રમ સંપન્ન થયો.

વનિતાવૃંદના પ્રમુખ સુ. શ્રી સંવિદાબેન પંડ્યાની રાહબરી હેઠળ સુંદર વૈવિધ્યપૂર્ણ મનોરંજન અને જ્ઞાનવર્ધક કાર્યક્રમ તથા હાસ્યદરબારનું આયોજન થયું હતું.

સંમેલનનું સમગ્ર સંચાલન રંગલા અને રંગલી દ્વારા કરવામાં આવ્યું હતું. રંગલાની ભૂમિકા શ્રીમતી ડો. પ્રિયંકા પરીખ તથા રંગલીની ભૂમિકા શ્રીમતી સંગીતા પંડ્યા દ્વારા કરવામાં આવી હતી. તેઓની સાથે તબલા વાદક તરીકે માનસ પરીખે ભૂમિકા અદા કરી હતી.

વનિતાવૃંદની કારોબારી બેનો દ્વારા માતાજીની સ્તુતિ દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સમારંભના મુખ્ય મહેમાન પૂ. મધુકાંતાબેન જીવણલાલ વ્યાસ તથા સાડત્રીસ સમાજના પ્રમુખ-મંત્રી તેમજ વનિતાવૃંદના પ્રમુખ-મંત્રી દ્વારા દીપ-પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. વનિતાવૃંદના ઉપપ્રમુખ કલ્પનાબેન વ્યાસ દ્વારા સૌનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દરેક ઝોનમાંથી સાંસ્કૃતિક કૃતિ રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ ડો. માલવિકાબેન ચિરાગભાઈ પંડ્યા વક્તા દ્વારા પ્રોજેક્ટર પર બહેનોના સ્વાસ્થ્ય વિશે માહિતી આપવામાં આવી હતી. વડોદરાથી આવેલા યોગગુરૂ ડો. રાજકુમારે યોગ વિશેની માહિતી આપી હતી. વડોદરા ઝોનની બહેનોએ ગાંધીજીની ૧૫૦ મી પુણ્યતિથિ નિમિત્તે તેમનું પ્રિય ભજન 'વૈષ્ણવજન' ઉપર સુંદર ડાન્સ રજૂ કર્યો હતો. ત્યારબાદ ભોજન કર્યા બાદ હાસ્યસમ્રાટ સિરાજ રંગવાલાના હાસ્ય દરબારની મઝા માણી હતી. ત્યારબાદ ફેશન-શો તેમજ પ્રમુખશ્રી વિભાકર વ્યાસ, કામાક્ષીબેન પંડ્યા તથા સંવિદાબેન પંડ્યા દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ વડીલ બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

# અભિવાદન

**સ્નેહ મિલન કાર્યક્રમ : તા. ૨૨-૧૨-૨૦૧૯, રવિવાર**

સર્વે જ્ઞાતિબંધુ... મહેમાનો... વડીલો... જય મહાલક્ષ્મી...

જેની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી તેવો તા. ૨૨-૧૨-૨૦૧૯ને રવિવારના રોજ આયોજીત સ્નેહમિલન કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો. જેની વિશેષ ઝલક...

શરૂઆતમાં રજીસ્ટ્રેશન કાર્યમાં શ્રી કૌશિકભાઈ પંડ્યા, રાજેશભાઈ પંડ્યા, વિમલભાઈ ત્રિવેદી, દુષ્યંતભાઈ, ભરતભાઈ, ગોપાલભાઈ ભટ્ટ જેવા સંન્નિષ્ઠ કાર્યકરોએ ખૂબ જ મહત્વનાં કાર્યો કર્યાં.

કાર્યક્રમની શરૂઆતમાં ૫ થી ૧૦ વર્ષનાં બાળકો અને ૧૧ વર્ષથી ઉપરનાં સૌ બાળકો તેમજ જ્ઞાતિબંધુઓને રમત-ગમત અને ડાન્સ માટે શ્રી પિયૂષભાઈ, ઉત્પલભાઈ પાઠક તેમજ સાથી મિત્રોનાં કામ પ્રસંશનીય રહ્યાં. બાળકો અને તેમનાં પરિવારજનો ખૂબ જ ઉત્સાહિત જોવા મળ્યા.

જ્ઞાતિબંધુ શ્રી દધિચભાઈ જે. ભટ્ટ તથા તેમની ટીમ દ્વારા આજના યુગમાં પરિવારની આર્થિક સ્થિતિને મજબૂતી પ્રદાન કરવા માટે પોતાનું મૂડીરોકાણ બેંક એફ.ડી., વીમા કે શેર ને બદલે મ્યુચ્યુઅલ ફંડમાં કરવાથી મૂડીની સલામતી સાથે ઝડપી વૃદ્ધિ અંગે માર્ગદર્શન આપ્યું. જે ખરેખર જાણવા અને અપનાવવા જેવું હતું. ખૂબ ખૂબ અભિનંદન...

બપોર પછીના કાર્યક્રમમાં ૭૦ વર્ષથી ઉપરના વડીલો તેમજ ૨૫ વર્ષનું દાંપત્ય જીવન પૂર્ણ કરેલ દંપતિઓનાં સન્માન કાર્યક્રમના સૌજન્ય દાતા શ્રી અતુલભાઈ પંડ્યા અને શ્રીમતી આરતીબેન પંડ્યાનો હૃદયપૂર્વક આભાર... આવા પ્રેરક કાર્યોની સમાજ વિશેષ નોંધ લેશે.

સમાજ તરફથી રક્તદાન શિબિરનું આયોજન વિશેષરૂપે પ્રેરણાદાયક રહ્યું. સમાજના સૌ બંધુઓની એકતા અને સંગઠનની છબી નજરે પડી. અમુક બંધુઓએ સ્વૈચ્છિક રક્તદાન કરી કાર્યક્રમની સફળતામાં સહભાગી બન્યા. સૌને ખૂબ ખૂબ અભિનંદન.

કાર્યક્રમના બીજા તબક્કામાં સાંજે આમંત્રિત મહેમાનો તેમજ દાતાશ્રીઓનાં સન્માન કાર્યક્રમમાં પ્રમુખ શ્રી હિતેશભાઈ જટાશંકર ભટ્ટ સાથે મહાનુભાવોમાં,

૧. શ્રી જીજ્ઞેશભાઈ સેવક, ધારાસભ્યશ્રી : લુણાવાડા ૨. શ્રી યજ્ઞેશભાઈ દવે, મહામંત્રીશ્રી : બ્રહ્મસમાજ, ગુજરાત
૩. ડૉ. અતુલભાઈ પંડ્યા, દાતા શ્રી ૪. શ્રી વિપુલભાઈ ભટ્ટ, દાતા શ્રી ૫. શ્રી મિહીરભાઈ પંડ્યા, દાતા શ્રી
૬. શ્રી બકુલભાઈ ત્રિવેદી, દાતા શ્રી ૭. શ્રી જગદીશભાઈ ભટ્ટ, દાતા શ્રી ૮. શ્રી જીજ્ઞેશભાઈ પાઠક

મહાલક્ષ્મી ધામ, શહેરાના પ્રમુખશ્રીની હાજરી નોંધપાત્ર રહી. સૌની એક મંચ પર હાજરીથી સમાજના સૌ બંધુઓમાં ઉત્સાહની સ્ફૂર્ણા જોવા મળી.

મહાનુભાવોના સમાજલક્ષી ઉદ્‌બોધનમાં સમાજને દરેક રીતે સદ્ધર અને સક્ષમ બનાવવાના વિચારોને સર્વસંમતિથી આવકારવામાં આવ્યા. સમાજના સૌ બંધુઓમાં આર્થિક, સામાજિક, સંગઠન અને સલામતી માટે બંધુત્વની લાગણીઓ અનુભવી, ક્યારેક જ જોવા મળતા આવા પ્રસંગોથી આનંદ થયો.

દાતાશ્રીઓનાં દાનના પ્રવાહને જોઈ એક ગરીબ બ્રાહ્મણ હતો જેવી પ્રચલિત કહેવતને દૂર થતી જોઈ સૌએ સાથે મળી, એક સાથે કુળદેવી શ્રી માઁ મહાલક્ષ્મીનો જયઘોષ કર્યો. કાર્યક્રમમાં કુળદેવીનો સાક્ષાત્કાર થયો.

કાર્યક્રમના અંતે વિદેશમાં રહેતાં પરિવારો સાથે લાઈવ વિડીઓ કોન્ફરન્સ દ્વારા વાતચીત થકી તેમની પ્રત્યક્ષ હાજરીની પ્રતીતિ થઈ, વિદેશમાં વસતા પરિવારોએ પણ કાર્યક્રમમાં હાજર હોવાનો અહેસાસ વ્યક્ત કર્યો અને કાર્યક્રમના આયોજકો તથા જ્ઞાતિજનોને અભિનંદન પાઠવ્યા.

કાર્યક્રમના અંતે... સૌ એ સાથે મળી દિવસભરની યાદગાર ક્ષણોની ચર્ચા સાથે સ્વરૂચિ ભોજનનો રસાસ્વાદ માણ્યો.

યાદગાર ક્ષણોના આનંદ અને મહાલક્ષ્મીની જય સાથે ફરી મળવાના કોલ સાથે ભારે હૃદયે છૂટા પડ્યા.

પ્રમુખ : હિતેશ ભટ્ટ - મંત્રી : મહેશ ભટ્ટ : શ્રીગૌડ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા

# EMERALD DEVELOPERS

YOU DREAM, WE BUILD

**FLATS | OFFICE | SHOPS**
**BUNGALOWS | WEEKEND HOMES**

105, 1st Floor, Emerald House,
Choice Restaurant Lane,
Nr. Swastik Croos Road, CG Road,
Navrangpura, Ahmedabad - 09, Gujarat, India.

+91-99099 26568, 9925002100

# અભિનંદન કાર્યક્રમ : ૧૦-૧૧-૨૦૧૯













સ્વ. રોહિણીબેન રાજેન્દ્રભાઈ દવે

# ૐ સત્ય સંકલ્પનો દાતા ભગવાન ૐ

પોષની ઠંડી રાતોમાં છાતીએ લગાડીને સૂતી હતી જે પકડીને બંને ખભા જમીન પર ચાલતાં શીખવાડતી હતી જે જ્યારે ચાલતા પડી જતાં, પડેલાંને ઊભા કરતી જે પોતાના ખોળામાં લઈને હીંચકો ખવડાવતી હતી જે રાત્રે સુવડાવવા માટે હાલરડાં ગાતી હતી જે, આજે તે મા ખૂબ જ યાદ આવે છે, મુશ્કેલીમાં તેની ખોટ ખૂબ જ સારે છે. તેની વાત કરતાં જ આંખમાંથી આંસુ સરી પડે છે. નથી છતાં છે તે આ દુનિયામાં આજે પણ અમને લાગે છે. આજે પણ ક્યાંકથી આપીને અવાજ તે અમને બોલાવે છે.

**મા નાં ચરણોમાં સદૈવ પ્રણામ...**

| | | |
|---|---|---|
| ડો. વિરાગ આર. દવે | જીતેશ આર. દવે | ભાવેશા એચ. પંડ્યા |
| કોમલ વિ. દવે | મિરાત એમ. દવે | કિંજલ એચ. શુક્લ |
| દિયા વિ. દવે | | |

## અભિનંદન કાર્યક્રમ : ૧૦-૧૧-૨૦૧૯













## ભાવભીની શ્રદ્ધાંજલિ

**સ્વ. ઘનશ્યામલાલ કાશીનાથ શુક્લ (બુરહાનપુર)**

જન્મ તા. ૨૩-૦૪-૧૯૨૩ સ્વ. તા. ૦૪-૦૯-૧૯૮૯

**સ્વ. પ્રમોદાબેન ઘનશ્યામલાલ શુક્લ**

જન્મ તા. ૨૪-૧૦-૧૯૨૫ સ્વ. તા. ૨૮-૦૧-૧૯૯૯

પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

ઓમ પ્રકાશ ઘનશ્યામલાલ શુક્લ
યોગેશકુમાર ઘનશ્યામલાલ શુક્લ (અંકલેશ્વર-બુરહાનપુર)
રાકેશકુમાર રમેશભાઈ જોષી (મુંબઈ)

રેખા ઓમપ્રકાશ શુક્લ
પારૂલ યોગેશકુમાર શુક્લ
આશાબેન રાકેશકુમાર જોષી

॥ ૐ નમઃશિવાય ॥

॥ યા દેવી સર્વ ભૂતેષુ સ્મૃતિ રૂપેણ સંસ્થિતા, નમઃ તસ્યૈ, નમઃ તસ્યૈ, નમઃ તસ્યૈ નમો નમઃ ॥

## સ્મૃતિ વંદના

**પ્રથમ પુણ્યતિથિ સંવત ૨૦૭૫, શ્રાવણ કૃષ્ણા દ્વિતીયા, દિનાંક ૧૭-ઓગસ્ટ, ૨૦૧૯ – શનિવાર**

॥ મુક્તક ॥

શ્વાસોના વિશ્વાસે આતમ, શ્વાસો સાથે રે'વાનુ,
મળ્યો આંકડો માત વિધાથી, ના ઓછુ વત્તુ રે'વાનુ.
ચેતવતા ધબકાર અહર્નિશ, અણજાણ્યા જીવો ના જાણે,
શ્વાસોનો કોઠાર ખૂટે ત્યાં, વસમું તારૂં રે'વાનુ.
આજ લખીલો નાદ અલખનો માયામાં અટવાવું શાને?
માણીલો આવાજ પ્રભુનો, 'હરદમ' અદકુ રે'વાનુ.



**તરુલતા હર્ષદરાય પાઠક**

સોન્યા-કલ્પેશ, વંદના-રવિ, કેતકી-હિતેશ, હિના-જયેશ
અદિત, આશા-ઈશિત, ઋત્વા, ઉદિત, વિનિતના જય અંબે...

**શ્રી મહાલક્ષ્મી ધામ, શહેરા અને સમસ્ત ગુજરાત શ્રીગૌડ સમાજ** તથા
**શ્રીગૌડ બ્રાહ્મણ ગૃહસ્થપક્ષ મોટુંતડ અને શ્રીગૌડ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડાના**
સંયુક્ત ઉપક્રમે સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર (સમૂહ જનોઈ)

**મહાસુદ દશમ, મંગળવાર, તા. ૦૪-૦૨-૨૦૨૦,**
**સ્થળ : શ્રી મહાલક્ષ્મી ધામ, શહેરા ફોર્મ આપવાની છેલ્લી તારીખ : ૩૧-૧૨-૨૦૧૯**

## બટુકની વિગત

પૂરૂં નામ :................................................................................................................

જન્મ તારીખ :..................... ઉંમર :........... વર્ષ, અભ્યાસ :.................. જ્ઞાતિ-પેટા જ્ઞાતિ :...............

પિતા-વાલીનું પૂરૂં નામ :.........................................................................................

માતાનું નામ :.......................................................................................................

મોબાઈલ નંબર (૧).................. (૨)..................

પત્ર વ્યવહારનું સરનામું :...........................................................................................

.............................................................................................................................

જનોઈમાં આવનાર કુલ સંખ્યા :............................... પિતા-વાલીની સહી..............................

## સૂચના :

- બટુકના જનોઈ માટે સમસ્ત બ્રહ્મ સમાજ આવકાર્ય છે.
- ફોર્મ તા. ૩૧-૧૨-૨૦૧૯ પહેલાં જમા કરાવવાનાં રહેશે.
- તા. ૩૧-૧૨-૨૦૧૯ પછી આવેલ ફોર્મ માટે કમિટીનો નિર્ણય આખરી ગણાશે.
- બધા જ બટુકોના વાલીઓની મિટીંગ બોલાવવામાં આવશે જેમાં ફરજીયાત હાજરી આપવાની રહેશે.
- બટુકના પાસપોર્ટ સાઈઝના બે ફોટા આપવા જેની પાછળ બટુકનું નામ અવશ્ય લખવું.
- ફોર્મ નીચે જણાવેલ સરનામા પર આપવાનું રહેશે તથા રૂ. ૧૦૦૦-૦૦ મોકલવાનાં રહેશે, જે જનોઈ બાદ પરત કરવામાં આવશે.

---

**કાર્યક્રમના કન્વિનર શ્રી**

**શ્રી ઉમેશ બાલમુકુન્દ જોષી**

૪, રામકૃષ્ણ સોસાયટી, રાયણવાડી પાસે, બામરોલી રોડ, ગોધરા.
મો. ૯૮૨૫૧ ૪૪૬૮૮ - ૮૨૦૦૮૨૪૮૫૩ (ગોધરાના ફોર્મ સ્વીકારવામાં આવશે)

(૧) શ્રી યોગેશભાઈ શુક્લ, મંત્રીશ્રી, સમસ્ત શ્રીગૌડ સમાજ, અમદાવાદ. મો. ૯૮૨૪૦ ૫૮૭૯૯
(૨) શ્રી જયંતભાઈ જોષી, મંત્રીશ્રી, સમસ્ત શ્રીગૌડ સમાજ, અમદાવાદ. મો. ૯૬૦૧૯ ૯૫૫૬૭
(૩) શ્રી વિપુલભાઈ પંડ્યા, ૬, રંજન સોસાયટી, લાયન્સ હોલ પાસે, રેસકોર્સ રોડ, વડોદરા, મો. ૯૦૮૧૫ ૨૨૧૧૧
(૪) શ્રી કિરીટકુમાર ગિરજાશંકર શુક્લ, ૧૩, શ્રી પ્રભા સ્ટેટ બેંક સોસાયટી, વી.એમ.સી. વોર્ડ નં. ૨ સામે, સુભાષ પાર્ક, હરણી રોડ, વડોદરા. મો. ૯૪૨૭૩ ૬૫૩૧૩
(૫) શ્રી જયેન્દ્રભાઈ પી. દવે, ઋત્વા રેસીડેન્સી, ગોત્રી પોલીસ સ્ટેશન પાસે, ગોત્રી રોડ, વડોદરા. મો. ૯૪૨૯૪ ૨૬૨૨૩
(૬) શ્રી અંકુરભાઈ એચ. ઉપાધ્યાય, સોમનાર ટ્રેડર્સ, બસ સ્ટેન્ડ સામે, તા. કાલોલ. મો. ૯૮૨૫૫ ૨૪૨૪૫

(૭) શ્રી કમલેશભાઈ જોષી, ૭૩, સિદ્ધેશ્વર સોસાયટી, સગરપુર રોડ, ખંભાત. મો. ૯૯૯૮૮ ૪૬૩૩૭
(૮) શ્રી જનકભાઈ રસિકલાલ પંડ્યા, યમુનાકુંજ સોસાયટી, રામજી મંદિર સામે, ડાકોર. મો. ૮૧૨૮૨ ૩૬૧૧૦
(૯) શ્રી મહેશકુમાર કાન્તિલાલ ભટ્ટ, સ્વામિનારાયણ મંદિર પાસે, કડિયાવાડ, તા. લુણાવાડા.
મો. ૯૪૨૬૪ ૫૧૮૦૯ / ૯૮૨૮૫ ૫૦૩૬૦
(૧૦) શ્રી જનકભાઈ પાઠક, મહેતાવાડા, ફૂવારા પાસે, તા. લુણાવાડા. મો. ૯૪૨૭૦ ૭૭૦૪૩
(૧૧) શ્રી પ્રિતેશકુમાર રોહિતભાઈ શુક્લ, એ-૦૧, આયુર્વેદિક સ્ટાફ ક્વાર્ટર, જી.આઈ.ડી.સી. પાસે,
ન્યૂ વલ્લભ વિદ્યાનગર, આણંદ. મો. ૯૪૨૮૪ ૯૧૨૨૧
(૧૨) શ્રી વિપુલકુમાર સનતકુમાર પાઠક, વ્યાસવાડા, તા. શહેરા. મો. ૯૪૨૯૮ ૪૦૮૧૪
(૧૩) શ્રી શૈલેષભાઈ વિષ્ણુપ્રસાદ પાઠક, વ્યાસવાડા, તા. શહેરા. મો. ૯૯૨૫૫ ૮૩૭૯૨

**ઉપરોક્ત દર્શાવેલ સરનામાં પર ફોર્મ પહોંચાડવાનાં રહેશે. વધુ ફોર્મ જોઈએ તો, ફોર્મની ઝેરોક્ષનો પણ ઉપયોગ કરી શકાશે.**

**કમલેશભાઈ પાઠક**
પ્રમુખ શ્રી, શ્રીગૌડ સમાજ, ગુજરાત.

**ઉમેશ બી. જોષી**
કન્વિનરશ્રી, બ્રાહ્મણ પંચ, શહેરા.

**હિતેશભાઈ જે. ભટ્ટ**
પ્રમુખ શ્રી, શ્રીગૌડ બ્રાહ્મણ ગૃહસ્થપક્ષ, મોટું તડ

**જીજ્ઞેશભાઈ પાઠક**
પ્રમુખ શ્રી, મહાલક્ષ્મી ધામ, શહેરા

## અવસાન નોંધ

- વત્સલ પી. દવે, વડોદરાનું તા. ૨૪-૧૧-૨૦૧૯ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- અ.સૌ. હેતલબેન દક્ષેશકુમાર ભટ્ટ, લુણાવાડાનું તા. ૨૩-૧૧-૨૦૧૯ ના રોજ દુઃખદ અવસાન થેયલ છે.
- ડો. પુનર્વસુ જી. અગ્નિહોત્રી, અમદાવાદનું તા. ૨૧-૧૦-૨૦૧૯ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- સ.શ્રી સ. વડોદરાના પ્રમુખ શ્રી ઠાકોરભાઈ શસ્ત્રી નું તા. ૧૯-૧૦-૨૦૧૯ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- સુધાબેન ભાનુપ્રસાદ દવે, ઝગડિયા નું તા. ૧૬-૧૦-૨૦૧૯ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- ગોપાલ કલ્પેશકુમાર શુક્લ, રાજકોટ નું તા. ૧૫-૧૦-૨૦૧૯ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- સુલોચનાબેન કાંતિલાલ દવે, અમદાવાદનું ................ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- જીતેન્દ્ર મૂળશંકર દવે, વડોદરાનું તા. ૦૩-૧૦-૨૦૧૯ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- અનિલભાઈ રેવાશંકર દવે, વડોદરાનું તા. ૦૩-૧૨-૨૦૧૯ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- રમીલાબેન ભગવતપ્રસાદ પાઠક, કરમસદનું તા. ૨૭-૧૧-૨૦૧૯ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

## સમાચાર સંચય

- સ્વ. હરિનારાયણ રતિલાલ જોષીના સ્મરણાર્થે હર્ષિદાબેન જોષી (નડિયાદ) તરફથી રૂ. ૧૨૦૦-૦૦ સમાજના બાળકોના અભ્યાસ માટે આપેલ છે.
- જય ગિરીશભાઈ ત્રિવેદી ઓટોમોબાઈલ એન્જીનિયરીંગમાં અમદાવાદ ખાતે ૯૨ ટકા સાથે પ્રથમ આવેલ છે.
- દેવ રાજેશભાઈ શુક્લ ..................
- શ્રીગૌડ મિત્ર મંડળ વડોદરા દ્વારા તા. ૧૭-૧૧-૨૦૧૯ ના રોજ AGM માં પારિતોષિક અને વડીલોનું સન્માન કરવામાં આવ્યું.
- શ્રીમતી યોગીનીબેન શુક્લને પદ્મશ્રી પ્રવિણભાઈ દરજી દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં.
- રીમા અને નિરવ દવે દ્વારા વિશ્વ હાર્ટ દિવસે ૧૫ કિ.મી. સાઈકલીંગમાં ભાગ લેવામાં આવ્યો તેમણે સીમ્સ અને રોટરી ક્લબ દ્વારા પ્રમાણપત્ર મેળવેલ છે.
- શ્રી કુમુદભાઈ દવે દ્વારા દીવાળી પર્વ નિમિત્તે ઝૂંપડાંવાસીઓને મીઠાઈ વિતરણ કરવામાં આવેલ




શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ, વડોદરાના ઉપક્રમે તા. ૧૭-૧૧-૨૦૧૯ ને રવિવારે યોજાયેલ વાર્ષિક સાધારણ સભા, સ્નેહ મિલન, ૭૦ વર્ષની વય વટાવી ચૂકેલ વડીલશ્રીઓનાં બહુમાન તેમજ ૨૦૧૯ માં લેવાયેલ વાર્ષિક પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરેલ વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓને પુરસ્કૃત કરવાનો સમારોહ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. માતાજીની સ્તુતિ અને દીપ પ્રાગટ્ય બાદ મંડળના પ્રમુખ શ્રી જયેન્દ્ર દવે એ સ્વાગત પ્રવચન દ્વારા મહેમાનશ્રીઓ અને મંડળના ઉપસ્થિત સૌ પરિવારજનોનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. મંડળની પ્રવૃત્તિઓનો અહેવાલ મંત્રીશ્રી મનોજભાઈ શુક્લ એ તેમજ ૨૦૧૮-૨૦૧૯ નો ઓડિટેડ હિસાબ શ્રી આસિતભાઈ શુક્લએ રજૂ કર્યો હતો જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો. મહેમાન તરીકે ઉપસ્થિત રહેલ શ્રી પ્રફૂલભાઈ એ. દવે અને શ્રી જનકભાઈ એચ. પાઠક પ્રાસંગિક પ્રવચન દ્વારા મંડળની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. ૧૭ વડીલશ્રીઓનું શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું. ધોરણ ૧૨ અને ધોરણ ૧૦ માં પ્રથમ આવનારને રજતચંદ્રક અર્પણ કરવામાં આવ્યો હતો. પ્લે ગ્રુપથી માંડી સ્નાતક સુધીના દરેક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને કુલ ૭૨ ઈનામો આપી બિરદાવવામાં આવ્યાં હતાં. સમગ્ર સમારંભનું સફળતાપૂર્વક સંચાલન શ્રીમતી સોનલબેન શુક્લ અને શ્રીમતી મીતુબેન શુક્લએ કર્યું હતું જ્યારે આભાર વિધિ શ્રી રાજીવભાઈ દવે એ કરી હતી.

**જયેન્દ્ર દવે**, પ્રમુખ

# પૂજ્ય ગાંધીજીના અગિયાર વ્રતો આપણા સંદર્ભે

- ડૉ. શ્રીમતી ઉષા શિલીન શુક્લ

*પૂજ્ય બાપુએ આપેલા આગિયાર વ્રતો આજે પણ કેટલા પ્રસ્તુત અને અનુકરણીય છે તે જાણીએ : સત્ય અહિંસા, ચોરી ન કરવી વણજોતું ન સંઘરવું બ્રહ્મચર્ય ને જાતે મહેનત, કોઈ અડે નવ અભડાવું, અભય, સ્વદેશી, સ્વાદત્યાગ ને સર્વ ધર્મ સરખા ગણવા આ અગિયાર મહાવ્રત સમજી, નમ્રપણે દૃઢ આચરવા.*

## (૧) સત્ય :

*ગાંધીજીના મતે વિચાર, વાણી અને વર્તન સમાન હોય તેને સત્યનું આચરણ કહે છે. જે ઘરની સ્ત્રી પાસે સત્યનું હથિયાર છે તે સ્ત્રી પોતાના ઘર અને કુટુંબને ઘણા અનિષ્ટોમાંથી બચાવી લે છે.*

सत्यमेव जयते । नानृतम । *મમતાના મોહમાં ખેંચાઈને પોતાનાં બાળકોની ભૂલ પર પડદો ઢાંકતી માતા સાચી વાત પતિ કે ઘરનાં વડીલોને ન કહે કે તેમનો ખોટો બચાવ કરે તે ખોટું છે. જાતે ટીવી જોતી સ્ત્રી તેનાં બાળકોને તે માટે વઢે કે રોકે તે કેટલું સફળ રહેશે - બાપુને મન તો સત્ય એ જ પરમેશ્વર છે.*

## (૨) અહિંસા :

*પૂજ્ય બાપુએ અહિંસાનો સાંકડો અર્થ ન આપતાં તેનો વ્યાપક અર્થ કહ્યો છે. કોઈને શારીરિક ઈજા ન કરવી તે જ માત્ર અહિંસા નથી પરંતુ જરૂર વગરનું ધન વાપરવું, જરૂર કરતાં વધારે બોલવું, મિથ્યા કે વ્યર્થ ભાષણ કરવું વગેરે જેવી બાબતોને તેમણે હિંસા ગણાવી છે. સ્ત્રીના વિચારમાં દ્વેષ કે ઈર્ષાનો ભાવ, વાણીમાં મૃદુતા, મિઠાશ અને માપસરતા તથા વર્તનમાં સરળતા, નિખાલસતા અને આક્રમકતાની ગેરહાજરી હોય તો તે તેની અહિંસા કહેવાય.*

## (૩) ચોરી ન કરવી (અસ્તેય) :

*ગાંધીજીને ઈશાવાસ્ય ઉપનિષદનો પ્રથમ શ્લોક ખૂબ ગમતો. તે જણાવે છે કે, વધુ પડતો વપરાશ કે તેમને વેડફવાની ક્રિયા એક પ્રકારની ચોરી છે. બીજાનાં વિચારો કે કામ પોતાને નામે ચડાવવું, પરીક્ષા કે સ્પર્ધામાં વધુ ગુણ મેળવવા કે સિદ્ધિ મેળવવી અથવા તેવું કરવા બાળકોને પ્રોત્સાહિત કરવાં કે તેને તેમ કરતાં રોકવું નહીં તે બધું જ ચોરી છે. ચોરી માત્ર ધનની જ હોય તેવું નથી.*

## (૪) વણજોતું નવ સંઘરવું (અપરિગ્રહ) :

*મંગળ ગ્રહ પર જતું રોકેટ પણ ક્રમશઃ વણઉપયોગી ભાગોને છોડી દે છે. તેમ જીવનયાત્રામાં પણ વણજોતું રાખવાથી સમસ્યાઓ ઊભી થાય છે. સ્ત્રી સંગ્રહવૃત્તિ છોડીને વધારાની વસ્તુ બીજી જરૂરતમંદ વ્યક્તિને પ્રેમથી આપી દે તે હિતાવહ છે. આપણે ત્યાં જ કામ કરતી દિકરીને પોતાનું ઘર સુશોભિત કરવાના, પહેરવા ઓઢવાનાં કે નવું નવું વાંચવા જાણવાના ઓરતાં હોય છે. આપણી વધારાની કે નકામી વસ્તુ તેને માટે મહામૂલી મૂડી પણ બની જાય. ભૂતકાળની દુઃખ કરતી વાત મનમાં સંઘરી ન રાખતાં ભૂલવી કે છોડી દેવી જોઈએ. તેથી બીજા તરફ દ્વેષ નહીં રહે અને પ્રેમ પાંગરશે અને પ્રસન્નતા પણ જળવાશે.*

## (૫) બ્રહ્મચર્ય :

*બ્રહ્મચર્ય એટલે બ્રહ્મમાં વિચરવું. બ્રહ્મચર્યને ફક્ત સ્ત્રી-પુરૂષના સંબંધો સંદર્ભે જ સમજવું ન જોઈએ. બ્રહ્મનો અર્થ થાય છે જે સદા વિસ્તરે છે તે, એટલે કે જ્ઞાન. જ્ઞાનવર્ધન એટલે ધર્મ અને વ્યવહાર સંબંધી યોગ્ય અને સાચી માહિતી મેળવવી. અંધશ્રદ્ધા ન રાખવી. આધુનિક વિજ્ઞાન અને ટેક્નોલોજી અપનાવવી વગેરે.*

*પોતાનું બ્રહ્મચર્ય જાળવવું એટલે જ્ઞાનમય થઈને ઈન્દ્રિયો પર કાબૂ રાખવો, ખોટું આકર્ષણ કરે તેવું વર્તન કે તેવો પહેરવેશ ન હોય તો સારું. તથા વડીલ અને સમજુ બહેનોએ પોતાની યુવાન વહુ-દિકરીઓને પારદર્શક, ટૂંકાં કે ઓછાં વસ્ત્રો પહેરતાં રોકવાં જોઈએ. ગાંધીજી કહેતા સ્ત્રીઓનું સાચું આભૂષણ તેમનું શુદ્ધ, પવિત્ર હૃદય છે અને તેનું સ્થાન હીરા-મોતીના દાગીના કદી ન લઈ શકે.*

## (૬) જાતમહેનત (સ્વશ્રમ) :

*પરિશ્રમ એ પારસમણિ છે. જાતે મહેનત કરવામાં શરમ ન રાખવી. કોઈ કામ હલકું નથી કે તે કરનાર વ્યક્તિ નાની નથી. કામમાં ચીવટ જાળવી શકાય છે અને બગાડ ઘટે છે, બાળકોને આવા આચરણથી પ્રેરણા મળશે. તેઓ પોતાના અભ્યાસમાં શિક્ષક પર આધાર ન રાખતાં જાતે ભણતાં થશે અને નોકર પર આધારિત ન રહેતાં જાતે કામ કરતાં થશે, તેમની વસ્તુઓને વ્યવસ્થિત રાખશે અને સ્વશિક્ષણના બહુમૂલ્ય પાઠ ભણશે.*

## (૭) કોઈ અડે નવ અભડાવું (અસ્પૃશ્યતા નિવારણ) :

*પૂ. ગાંધીજી કહેતા કે, આભડછેટ સૌથી મોટું સામાજિક કલંક છે. દરેક પ્રાણી ઈશ્વરનો અંશ છે. દરેકના હૃદયમાં રામ વસેલા છે. કોઈ ઊંચો કે કોઈ નીચો નથી. સમાજવ્યવસ્થા માટે દરેક પ્રકારની ક્ષમતા (ગુણ) વાળી વ્યક્તિઓ હોય છે. તેથી કામ (કર્મ) ની જરૂરિયાત પ્રમાણે (ગુણ કર્મ વિભાગ પ્રમાણે) તેમને વહેંચવાની કુદરતી વ્યવસ્થા ગોઠવાયેલી છે.*

*આપણે બહેનોએ ઘરે આવતા ગૃહસેવકોને આપણાં ઘરનાં જ સભ્યો સમજી તેમના અડવાની બાબતમાં ભેદ ન રાખવો. આ એક પ્રકારે લોકશિક્ષણનું કાર્ય જ છે. આમ કરવાથી દરેકનું આત્મગૌરવ જળવાશે, સૌને સ્વચ્છતાનો પાઠ શીખવા મળશે અને તેઓ આપણા સ્વજન થઈને કામ પણ કરશે.*

## (૮) અભય :

*શ્રીમદ્ ભગવદ ગીતાના સોળમા અધ્યાયના શ્લોકમાં દર્શાવાયું છે કે, 'અભય' માનવીના ૩૨ લક્ષણોમાંનો પ્રથમ સદ્ગુણ છે. આ સદ્ગુણ જેનામાં છે તે કોઈપણ ક્ષેત્રમાં સફળ થાય છે. ડરી જઈને જો કોઈ કામ શરૂ ન કરીએ કે સાહસ ન કહીએ તો જીવનમાં આગળ કેવી રીતે વધાય - જાણકારી મેળવીએ, જ્ઞાન પ્રાપ્ત કરીએ, ક્ષમતા કેળવીએ તો ભય દૂર થાય. તેથી તો કહે છે કે 'ડરે તે મરે, જાણે તે જીતે'.*

*બહેનોએ પોતાના માટે તો અભય રાખવાનો જ છે. પરંતુ બાળકોમાં પણ આ ગુણ કેળવવાનો છે. તેમનો ડર કઢાવવાનો છે. બાળકોમાં નાનપણથી જ આ સદ્ગુણ નિરુપાયેલો હશે તો તે ગમે તેવી વિકટ પરિસ્થિતિમાંથી પણ માર્ગ કાઢશે. બાળકોમાં ઈશ્વરમાં શ્રદ્ધા પ્રેરવવી, વાર્તાઓ કે દ્રષ્ટાંતો કહેવા, પોતે હાજર રહીને*

*રમતગમત કે તરવા જેવી સાહસિક કળાઓ શીખવવી. નવું વાંચી જાતે જાણકારી મેળવવાની જીજ્ઞાસા કેળવવી વગેરે દ્વારા તેમને સાહસિક અને નીડર બનાવવાં જોઈએ.*

## (૯) સ્વદેશીનો સ્વીકાર :

*પૂજ્ય ગાંધીજીએ ખાદીને ફક્ત કપડું જ નહીં પણ એક આદર્શ કે એક વિચાર તરીકે વર્ણવ્યું છે તેથી આજના સંદર્ભે 'સ્વદેશી' શબ્દની વ્યાખ્યા વ્યાપક કરી શકાય. તેમાં સ્વદેશ, સ્વધર્મ, સ્વભાષા વગેરેનો સમાવેશ કરી શકાય. વિશ્વવ્યાપી બજારના આજના યુગમાં પણ ગુણવત્તા સમાન હોય તો આપણી અર્થવ્યવસ્થાને પોષક એવી સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવો જોઈએ. માતૃભાષા આપણાં વિચાર અને લાગણીઓની અભિવ્યક્તિનું નૈસર્ગિક માધ્યમ છે. રોજ-રોજની વાતમાં પણ ગુજરાતી શબ્દોનો ઉપયોગ કરવાની ટેવ પાડવા જેવી છે.*

## (૧૦) સ્વાદત્યાગ :

*સાદા છતાં પૌષ્ટિક અને સાત્ત્વિક ખોરાકના ઉપયોગથી સત્વશીલ વિચારો આવે છે. તીખો, તળેલો, ચરબીયુક્ત ખોરાક તબિયત બગાડે છે અને સાથે-સાથે તે સ્વભાવ તામસી બનાવે છે જે જીવનવ્યવહાર બગાડે છે. બહેનો ઘરમાં સ્વચ્છતા અને પવિત્રતા લાવે છે તેથી તે તેમનું જ કામ છે કે ઘરની સર્વ વ્યક્તિઓ ઘરમાં જ બનેલી શુદ્ધ, સાત્ત્વિક અને સ્વાદિષ્ટ વાનગીઓ આરોગીને ઊંચા વિચાર, ઊંચી બુદ્ધિમત્તા અને ઊંચું આરોગ્ય ધરાવે.*

## (૧૧) સર્વધર્મ સમભાવ :

*સર્વધર્મ સમભાવ એટલે બધા જ ધર્મોને સમાન મહત્ત્વ અને સન્માન આપવું. સર્વધર્મસમભાવ ભારતીય વિચારસરણી છે જ્યારે ધર્મનિરપેક્ષતા પશ્ચિમી વિચારધારાની વિભાવના છે. સર્વધર્મસમભાવ શાંતિ અને સંપને પોષે છે.*

*બહેનોએ ઘરમાં દરેક ધર્મના તહેવારો ઉજવવા અને તેના દ્વારા બાળકોને તે ધર્મની વાતો અને ખૂબીઓ જણાવવી. તેમનું જ્ઞાન સમજાવવું અને તેમાં રહેલું સામ્ય દર્શાવવું.*

*સ્વધર્મ એટલે પોતાની જે તે સમયની ફરજ. બહેનોએ પોતાના સ્ત્રીધર્મને પ્રાથમિકતા આપવી જોઈએ, તેથી ઘરમાં માંદગી કે સામાજિક પ્રસંગો હોય તો તે સમયે સ્ત્રીધર્મ બજાવ્યા પછી જ વ્યવસાયિક કે સેવાકીય પ્રવૃત્તિઓ કરવી જોઈ. ગીતાજીમાં કહ્યું છે કે, 'સ્વધર્મ નિધનં શ્રેય: પરધર્મો ભાયવહ' અર્થાત્ સર્વધર્મસમભાવ ખરો પણ તે સ્વધર્મ(ફરજ) ચૂકીને નહીં.*

*નમ્રતા અને દૃઢતા બહેનોનાં જીવનમાં આનું ઘણું જ મહત્ત્વ છે. નમ્રતા અને દૃઢતા એટલે મૃદુ છતાં મક્કમ અંગ્રેજીમાં તેને* 'Gentle and Firm' *કહે છે.*

*– ઉષા શુક્લ*

V.M.B
Estd. 1995

વિધાતા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત

# વિધાતા મેરેજ બ્યુરો

ટ્રસ્ટ રજી.નં. ઈ-૭૨૮૩ | AMC રજી.નં. PIEL ૪૧૬૨૩

**હસમુખ જોષી** | M.A.,LL.B.
મેનેજિંગ ડાયરેક્ટર

**દિના જોષી** | M.A.,LL.B.
મેનેજર

**ફોન : ૦૭૯-૨૬૬૦૪૧૩૪ | મો : ૯૮૭૮૭૮૪૧૩૪-૯૮૭૯૬૦૪૧૩૪**

**૧૯૯૫ થી કાર્યરત, અભણ-ઓછું ભણેલા, નોન ગ્રેજ્યુએટ, ડીગ્રીધારક, મેડિકલ-એન્જિનિયરિંગ ઉચ્ચશિક્ષિત, ભારતના કે વિદેશના (NRI) માટેના જીવનસાથી પાત્રો 100% ગેરંટીથી મેળવી આપનાર કમ્પ્યૂટરાઇઝડ લગ્ન સંસ્થા**

૧૦, સેલર, વિજય કોમ્પલેક્ષ, વાસણા બસ સ્ટેન્ડ પાસે,
વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭

www.vidhatamarriage.com  contact@vidhatamarriage.com

**શુભેચ્છા**

**જે. ડી. દવે**
૧૨૪૨-૧, સેક્ટર : ૭ ડી, ગાંધીનગર : ૩૮૨૦૦૭.
મોબાઈલ : ૯૯૯૮૮૫૫૭૭૦



## ચિં. તનુજ રાકેશ દવે

ધવલપક્ષ ગાંધીનગર નિવાસી શ્રી રાકેશ જીતેન્દ્ર દવેના સુપુત્ર કોમ્પ્યૂટર સાયન્સ એન્જીનિયરીંગના સ્નાતક-અનુસ્નાતક ઉચ્ચ અભ્યાસ માટે શિકાગો યુ.એસ.એ. ગયેલ છે. તેમને ઉજ્જવળ કારકિર્દી માટે અભિનંદન સહ શુભેચ્છા પાઠવીએ છીએ.

**દાદાના આશીર્વાદ...**
જીતેન્દ્ર ધનસુખરામ દવે

| | | |
|---|---|---|
| રાકેશ જીતેન્દ્ર દવે | બિન્દી રાકેશ દવે | પરિસા રાકેશ દવે |
| નિમિષ જે. દવે | ઉર્વશી નિમિષ દવે | વિશ્વા નિમિષ દવે |
| પારૂલ નલીન ત્રિવેદી | નલીન કે. ત્રિવેદી | |
| હિમાદ્રી ત્રિવેદી | ઈશિતા ત્રિવેદી | હર્ષ જોષી |
| આદિત્ય ત્રિવેદી(બી.ઈ. સિવિલ) | આર્યા ત્રિવેદી | |
| દીપ્તિ રાકેશ દવે | રાજેશ એમ. દવે | |

**લગ્નોત્સુક યુવતીના પરિચય પત્ર આવકાર્ય છે.**

Spectrum Aatithya
An ISO 9001 : 2015 Certified Company

- Corporate Service Apartment






Mr. NILESH SHUKLA

- Company Guest House Management





- Hotel Apartments/Resorts
- House Keeping Services



Bite By Bite
- Riverfront Restourant




## OUR CLIENTS

Mr. NILESH SHUKLA
# : 99748 44949
Email : nilesh.shukla@spectrumaatithya.com
Website : www.spectrumaatithya.com

• Ahmedabad • Mumbai • Gurgaon • Indore • Pune • Bengaluru • Ranchi • Kolkatta

Corporate Office : Spectrum Aatithya, Sopan Life Style, Near Seema Hall, Opp. M.G. Partyplot, Jodhpir, Ahmedabad-380015.

પ્રકાશક અને મુદ્રક
સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત વતી,
**કમલેશ શિવશંકર પાઠક**
સી-૨૧૨, દેવઓરમ,
મારૂતિનંદન કાઠિયાવાડી હોટલની પાછળ,
આનંદનગર ચાર રસ્તા, પ્રહલાદનગર રોડ, અમદાવાદ.
Mobile : +91-94265 11472, 98244 06381

આજીવન સભ્ય ફી : રૂ. ૨૦૧/-
પતિ-પત્ની સાથે રૂ. ૩૦૧/- પરદેશમાં રૂ. ૨૫૦૦/-

બુક-પોસ્ટ

પ્રતિ